ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Research e-Journal

# ઉત્તર ગુજરાતની લોકકથાઓ : એક સમીક્ષા

**સાંજવા પ્રવીણકુમાર પી.**

**(પીએચ. ડી. શોધછાત્ર)**

ઉત્તર ગુજરાતની લોકકથાઓ –લોકવાર્તાઓ, લોકગીતો વિશે ત્રણેક દાયકા પૂર્વે કોઈ ખાસ નોંધપાત્ર કામગીરી થઈ નહોતી. પરન્તુ આજના સમયે સહુથી વિશેષ સંશોધનો–સંપાદનો–અભ્યાસો ઉત્તર ગુજરાતમાંથી આ ક્ષેત્રમાં પ્રાપ્ત થાય છે. 'ઉત્તર ગુજરાતનાં અનેક ચરિત્રોના જીવનમૂલ્યો માટેની મથામણની દ્યોતક કથાઓ છે, એ પણ વર્ણનાત્મક તત્ત્વો ધરાવતી કથાઓ છે. ''આ સંગ્રાહકો લોકવિદ્યાના જાણતલ હોવાના કારણે સંપાદનોમાં ડો. બળવંત જાની કહે છે તેમ 'લોકસંગ વધુ પ્રકટે છે, લોકરંગ ઓછો' આ સંપાદકો થોડો સંયમ રાખીને, મૂળભાયાતી માવજત કરીને, લોકમાનસનું નિરૂપણ કરતા જઈ, વર્ણનો દ્વારા જીવન્ત વાતાવરણ પ્રગટાવતા હોઈ તેને નોંધપાત્ર ગણે છે.'' [૧] આપણે ત્યાં કહેવાય છે કે માણસ–માણસની બુદ્ધિમાં ફેર હોય છે. તો પ્રદેશ–પ્રદેશની લોકસંસ્કૃતિ અને લોકસાહિત્યમાં પણ અલગતા હોવાની તે ચોક્કસ છે. સ્વાભાવિક છે. જેમ સૌરાષ્ટ્ર પ્રદેશને પોતાનું વિપુલ લોકસાહિત્ય છે તેમ ઉત્તર ગુજરાતને પણ પોતાનું અનેરું લોકસાહિત્ય છે. ***''ઉત્તર ગુજરાત વિસ્તાર સદ્‌ભાગી છે કે અને શાસ્ત્રીય અભિગમથી લોકકથાઓનું સંપાદન–મૂલ્યાંકન કરનારા સાહિત્ય સેવાઓ મળ્યાં છે.''*** [૨]

ઉત્તર ગુજરાતની લોકકથાઓ' સાહિત્યને વાચા આપતો પુષ્કર ચંદરવાકરનો નોંધપાત્ર સંગ્રહ છે. ભૌગોલિક દષ્ટિએ ઉત્તર ગુજરાત અને ગુજરાતની ઉત્તર આવેલો સાબરકાંઠા, બનાસકાંઠા, મહેસાણા, પાટણ જિલ્લાનો વિસ્તાર, લોકકથા ગમે તે પ્રદેશ કે દેશની હોય તે માત્ર કથા નથી. આપણી ભવ્ય લોકસંસ્કૃતિનો મહામૂલો દસ્તાવેજો છે. આ લોકસંસ્કૃતિના એક પ્રહરી તરીકે આવી લોકકથાના સાક્ષી બનવું કે એને જાળવવાનાં કોઈપણ પ્રકારના પ્રયત્નો કરવા એ એક સરાહનીય કાર્ય છે. આ કામ મોટા ગજાના સંશોધક સંપાદક શ્રી પુષ્કર ચંદરવાકરે કરેલું છે. લોકસાહિત્યના સંપાદક તરીકે ચંદરવાકરની આગવી પ્રતિભાનું દર્શન તેમની આ લોકકથાઓ કરાવે છે. તેમનો જન્મ અમદાવાદ જિલ્લાના ભાલ કનેર પંથકના ચંદરવા ગામે તા.૧૬–૦૨–૧૯૨૨માં થયેલો. તેમણે એમ.એ. સુધીનું શિક્ષણ મેળવેલું છે.

ગુજરાતી લોકસાહિત્યમાં ઝવેરચંદ મેઘાણી પછીનું સ્થાન શોભાવનાર જો કોઈ હોય તો તે પુષ્કર ચંદરવાકર છે. તેમણે જુદાં જુદાં પ્રદેશના જનસમૂહને પોતાના સંપાદન–સંશોધનનો હિસ્સો બનાવીને ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારના લોકસાહિત્યને પ્રગટ કર્યું છે. તેમના પુસ્તકોમાં 'ખેતરનો ખેડૂ', 'ચંદર ઊગ્યે ચાલવું', 'ચૂડ વિજોગણ', 'વાગે રૂડી વાંસળી', 'ઓખા મંડળની લોકકથાઓ', 'ઉત્તર ગુજરાતની લોકકથાઓ' વગેરે તેમના ખૂબ જ જાણીતા સંગ્રહ છે. તેમાંથી આપણે અહીં 'ઉત્તર ગુજરાતની લોકકથાઓ'ને ક્રમશઃ તપાસીએ.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Research e-Journal

---

✱ **મહેણના માર્યા :**

આ લોકકથામાં મધ્યકાલીન યુગનું વાતાવરણ જોવા મળે છે. આ લોકકથામાં રાઠોડો અને ઝાલોરો વચ્ચેના યુદ્ધમાં ફતેહખાનની જીત થાય છે. એવી કથાવસ્તુ સાથે આ કથા આગળ વધે છે. ફકીરવેશે આવે દેવી પૂતર ફતેહખાનને કાંઈક દાન–પુણ્ય કરવા અપીલ કરે ત્યારે ફતેહખાન જાહેરાત કરે છે કે ‘‘મારા ચોર્યાશી ગામો ! હા ચોર્યાશી ગામો ! અને મારા બેતાલીસ પગથિયા દરેક પગથિયાના બેઉ છેડે એક જાચક...દરેક જાચકને એક એક ગામ !’’ [3] અને સવાર થતાં જ ફતેહખાને પોતાના ચોર્યાશી ગામો દાનમાં લૂંટવી દીધેલાં આટલી મોટી જાગીર દાનમાં આપી દેતા ફતેહખાનનું એક પણ રૂવાડું ફરક્યું ન હતું. પણ જે ઝાલોર માટે સાત–સાત હજાર યોદ્ધાઓ મોતને ભેટ્યા એ ઝાલોરને એક ઝાટકે આમ દાનમાં દઈ દીધા. એ વાતનો અફસોસ થતાં જ ફતેહખાને પણ તે ગામ ત્યજી દીધેલ. આ લોકકથામાં માત્ર એક મહેણાના કારણે માણસને કેવી અસર ઊભી થાય તેની વાત કહેવામાં આવી છે. ઉત્તર ગુજરાતના પાંચોટ પાસેના સુણસરના બહારવટિયા તલોજાને હંફાવનાર લાડોલ ગામના પાટીદાર માધોભાના પરાક્રમ અને શૂરાતનની આ કથા છે. તેથી આ વાતો ઉત્તમ લોકવાર્તાની યાદીમાં સ્થાન પામે છે. કથામાં વિશિષ્ટ શબ્દોના પ્રયોગો જોવા મળે છે.

✱ **પટલાણીનો પ્રેમી :**

પ્રેમજીવનને ઉજાગર કરતી આ પ્રણયજીવનની કથા છે. પરિણીત સ્ત્રી સાથેના ઠાકોર કાળુમિયાના પ્રણયની આ કથા લોકભોગ્ય શૈલીમાં રજૂ થઈ છે. એક સામાન્ય પટલાણી પ્રત્યેની વફાદારી કાજે કાળુમિયા તેમના ઠાકરાણાપણાને પણ ધૂળમાં રગદોળી દે છે. વળી જેવી વફાદારી તેવી જ બુદ્ધિચાતુરી પણ દાખવે છે. આ કથામાં લોકબોલીના શબ્દો, કહેવતો અને રૂઢિપ્રયોગોનો પણ સમુચિત ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રણયને ખાતર કંઈ પણ કરી છૂટવાની તત્પરતા એ પ્રણયીજનોની પ્રાચીન નીતિરીતિનું પ્રતિબિંબ એમાં દેખાય છે. આમ, લોકબોલીના સરળ ઉપયોગથી લોકકથા ટૂંકીવાર્તા જેવી સરસ એમ કહી શકાય કે નાજૂક નમણી બની છે. તેની ખૂબ મોટી વિશેષતા છે. પુષ્કર ચંદરવાકરના લોકવાર્તાના સંપાદક તરીકેની પ્રતિભાના દર્શન આ લોકકથામાં થાય છે.

✱ **‘ચકલી ધૂળમાં રમી જાત’ :**

આ શિષ્ટ વાર્તાના સ્વરૂપની લોકકથા છે. સુણસટ ગામના બહારવટિયા તલોજાને હંફાવનાર લાડોલ ગામના લોઠકા પાટીદાર મોપાભાના પરાક્રમ અને શૂરાતનની આ કથા છે. જેમાં લોકસંસ્કૃતિના તત્ત્વો પણ છે તેમજ શબ્દપ્રયોગનું વૈવિધ્ય તથા અલંકારોનું નાવીન્ય આપણને આમાં જોવા મળે છે. ‘ચકલી ધૂળમાં રમી જાત’ એવું શીર્ષક જ એક મોટો પ્રયોગ છે અને ખુદ શ્રી પુષ્કર ચંદરવાકર પણ નોંધે છે કે ..... ‘કોઈ લોકસાહિત્યકારથી નહિ ખૂંદાયેલ ધરતીની આ ઘટના છે. ત્યાં હજુ સુધી કોઈ વાર્તાકાર લોકકથા માંડવા પહોંચી ગયો નથી. માટે જ આ રતન ધૂળમાં દટાઈ જાત, રગદોળાઈ જાત!’’[૪]

✱ **કંઘોતર :**

પાલનપુર પાસેના નાનકડાં ગામ ચંડીસરની આ કથા છે. કેશરસંગ અને તેની પત્ની કેશબાઈ કાળી મજૂરી કરીને પુત્રને ભૂજની શાળામાં ભણાવી ગણાવી આગળ વધે તેવા પ્રયાસો કરે છે. પણ બાદમાં પોતાની વિદ્યામાં પારંગત થતા તેનામાં અહંકાર

આવી જાય છે અને પાલનપુર આવી નવાબ સામે પિતાની ઓળખાણ પોતાના વેલડાના હાંકનાર, ગમાર ગાડાખેડુ તરીકે આપે છે ત્યારે ગુસ્સાથી લાલચોળ પિતા રાજા સમક્ષ જાતે જ પોતાની ઓળખાણ આ શબ્દોમાં કરે છે. ‘‘મારા ખાંવદ–શા નવાબસા’બ, હું છું કોણ? ઈની માના પેટમાં ઈના બૂંદનો મૂકનાર, મારી બારોટણીનો સાઢા’’[૫] અહીં લેખકની ધારદાર અને ચોટદાર સંવાદો સર્જવાની લાલચમાં લેખક સંયમનું ભાન ગુમાવ્યું હોય તેમ માલુમ થાય છે. જે બાબતની પણ નોંધ લેવી જોઈએ. એને બાદ કરતા આ કથામાં લોકતત્ત્વો પણ જોવા મળે છે. ભણેલા અને ઉચ્ચ હોદ્દા સુધી પહોંચેલા આજના યુવાનો પોતાની જૂનવાણી અને પરંપરામાં જીવતાં માતા–પિતા પ્રત્યે એક પ્રકારની સૂગ અને અણગમાની લાગણી અનુભવે છે. પરિણામે એમને સાથે રાખવા તેઓ તૈયાર થતા નથી. વર્તમાન સમાજ જીવનના પણ આ સળગતા પ્રશ્નો છે. જે અહીં લોકવાર્તાના માધ્યમ દ્વારા સંપાદકે વાચા આપી છે.

આ લોકવાર્તામાં ઉત્તર ગુજરાતના રાધનપુર, સતલાસણા, દિયોદર, ચિત્રાસણી, તેરવાડા, ચંડીસર વગેરે જેવા ગામનો–શહેરોનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે.

✱ **નગા પટેલ :**

આ વાર્તામાં ખાનપુરના નગા પટેલની મર્દાનગિની કથા છે. નગા પટેલને નમાવવા લવાર અને આંબલીઆરાના ઠાકોરોએ ઘણા પ્રયત્નો કરી જોયેલા, પણ નગા પટેલની બહાદુરી પાસે તેઓ ફાવતા નથી. ત્યારે ના છૂટકે ઠાકોરોએ પેંતરો રચી પટેલને દગાથી મોતને ઘાટ ઉતારે છે. પટેલનું શબ લઈને ઘોડી હવેલીએ આવે છે, પરંતુ પટેલની ગેરહાજરીમાં – ઠાકોરોના આક્રમણના ભયે માઢ ના લોકો બંધ દરવાજા ખોલતા નથી અને પટેલની ઘોડીના હણહણાટ અને એકદમ કરુણ વિલાપને પણ તેઓ ઓળખી શકતા નથી. આ સમય હાજર માતાજીના ભક્તો પણ મઢના દરવાજા ખોલાવવા સાદ પર સાદ દે છે. પણ મઢના દરવાજા ખૂલતા નથી, ત્યારે પેલા માતા ભક્તો નગા પટેલ જેવા વીરનરના છાજિયા અને મરશિયા ગાય છે અને તેમના નીતરતા લોહીને પોતાની હથેળીમાં બોળીને મઢની દીવાલ પર લોહીના થાપા મારતા મારતા અભિશાપ પણ આપે છે કે.....

‘‘જાઓ, તમારા આ મઢમાં છે તેથી વધુ એક પણ ઘર હવે નહિ વધે!’’ [૬]

પ્રસ્તુત લોકકથા શ્રી પુષ્કર ચંદરવાકરે ખાનપુરના વિસ્તારના કોઈ કાકાના મુખેથી સાંભળેલી હોવાથી તેમાં સંપાદકના પોતાના કેટલાંક ઉમરેણો જોવા મળે છે. તેથી તેમનાં વ્યક્તિગત રંગો ઉમેરવામાં સંપાદક પોતે અહીં સફળ થયાં છે તેમ કહી શકાય. વીરકથા પ્રકારની આ લોકકથામાં નગા પટેલનું પરાક્રમી વ્યક્તિત્વ ફોરી રહે છે. તો નગા પટેલની ગેરહાજરીમાં ગામના લોકો કેવા ઓશિયાળા અને શક્તિહીન બની જાય છે. તેનું પણ એમાં પ્રતિબિંબ પડે છે.

આ ઉપરાંત ઉત્તર ગુજરાતની લોકકથાઓમાં સૂરજમણની ટેકે, ‘મોટા મિયા’, ‘ધરમના ભાઈબેન’, ‘અંતઃતાપ ઠાર્યા’, ‘ખરી ખાનદાની’, ‘ઉષરભૂમિ’, ‘અવ્વલ મંઝિલે’, ‘શેરખાનની’, ‘બલોચ બચ્ચાં’, ‘જમાદારો કૂવો’, વગેરે જેવી કથાઓ પણ પુષ્કર ચંદરવાકરે આપેલી છે અને તેમનું સંપાદન કરેલું છે અને લોકકથાને કઈ કઈ રીતે વિચારી શકાય તે વિશે પણ પોતાના મંતવ્યો આપ્યા છે. આ ઉપરાંત તેમણે સંપાદિત કરેલી દરેક લોકવાર્તાસંગ્રહોમાં આપણને એવી પ્રતીતિ થાય છે કે આ વાર્તાઓમાં વિષયની દષ્ટિએ અને ભાવનિરૂપણની દષ્ટિએ તેમાં ઘણું બધું વૈવિધ્ય જોવા મળે છે.

કોઈમાં પ્રણય અને કોઈમાં નફરત, તો સ્પર્ધા અને સમર્પણની વાતો છે તો મિલન અને વિયોગ જેવા ભાવોનું નિરૂપણ આ લોકકથાઓમાં જોવા મળે છે તો વળી તેમની કોઈ વાર્તામાં ખાનદાની, વેર, ઉદારતા, ભલાઈ, સહનશીલતા, નીતિ, ન્યાય, ધર્મ, સત્ય, ભક્તિ અને પ્રીતિ જેવા ગુણોની ગૂંથવણીથી દરેક કથામાં પોતાની અલખ ઓળખ આપી તેમની ખીલવણી થાય તેવું કામ કરેલું છે.

આ દરેક કથા પાત્રપ્રધાન હોય કે પ્રસંગપ્રધાન હોય તેના નિરૂપણની પ્રવૃત્તિઓનું મૂળ હંમેશા સમાજદર્શન રહેલું છે તે માલુમ થાય છે. આ લોકવાર્તામાં સજીવ, ખમીરવંતી અને વફાદારીના પ્રતીક સમી પાત્રસૃષ્ટિનું નિરૂપણ થયેલું છે. એમની કથામાં રાજાની વફાદારી કાજ સઘળો ઉતારો લૂંટાવી દેનાર જશાની લીંબડ છે તો માથાભારે ઠાકોરોનો ખાતમો બોલાવી ગાયકવાડ સરકારને આપેલ વચન પાળનાર ભડવીર યાસીખાન પણ છે. આ પાત્રોની મનભર અને મનહર વિવિધરંગી પાત્રસૃષ્ટિ આપણા ચિત્તને જકડી રાખે તેવી છે.

ઉત્તર ગુજરાતની આ લોકકથાઓમાં ખાસ કરીને વીર, શૌર્ય અને પરાક્રમોની કથાઓ વધુ જોવા મળે છે. દરેક કથાનાં સંવાદો અને અભિવ્યક્તિમાં સંપાદકનાં ખૂબ વિશાળ સાહિત્ય અનુભવની આપણને પ્રતીતિ થતી નજરે આવે છે. તેમની આ બધી જ કથાઓમાં નીતિ, સદાચાર અને વીરતાના તત્ત્વોનું નિરૂપણ થયેલું જોવા મળે છે. તેમની આ લોકકથાઓમાં ઘરગથ્થુ શબ્દપ્રયોગો વિપુલ પ્રમાણમાં ઉપયોગમાં લીધેલા જોવા મળે છે. આ કથાઓમાં સારા એવા પ્રમાણમાં ઈતિહાસ તત્ત્વ પણ જોવા મળે છે.

આમ, લોકવાર્તાક્ષેત્રે શ્રી પુષ્કર ચંદરવાકરનું પ્રદાન અને તેમની સાથે સાથે અહીં આપણે તે સમયના લોકોની માનસિકતા, રીતરિવાજો વગેરેનો પણ ખ્યાલ મેળવ્યો તેમની દરેક કથાઓની સિદ્ધિઓની સાથોસાથ મર્યાદાઓ પણ આપણી નજર સમક્ષ ઊભી રહી છે. તેમની અમુક લોકકથાઓ ઊણપવાળી પણ જોઈ શકાય છે. સંપાદકે પોતે પણ આ વાતની કબૂલાત કરતા કહ્યું છે કે,

“આ કથાઓમાં મર્યાદાઓ મારી છે, ઊણપો પણ મારી છે, તેને ક્ષમ્ય ગણીને ઉદારચિત્તે અપનાવશો, એવી આશા છે ઈતિશ્રી.”[7] આવી રીતે પોતાની મર્યાદાઓ સ્વીકારતા પુષ્કર ચંદરવાકર જેવા લોકસાહિત્યના સંશોધક જ કરી શકે. લોકવાર્તાના ક્ષેત્રમાં પુષ્કર ચંદરવાકરની આ ‘ઉત્તર ગુજરાતની લોકકથા’ સંગ્રહ એ લોકસાહિત્યમાં મોટી સિદ્ધિ છે, તેમ કહી શકાય. લોકસાહિત્યના ક્ષેત્રે કરેલું તેમનું આ કામ નોંધપાત્ર છે.

## ❖ સંદર્ભસૂચિ :

1. અમૃત પટેલ – ‘લોકકથા શાસ્ત્ર અને સંપાદન’, પૃ.૮૭
2. ડૉ. બળવંત જાની, ‘ઉત્તર ગુજરાતની લોકકથાઓ : સ્વાધ્યાય અને સર્વેક્ષણ’, પૃ.૧૭૪
3. પુષ્કર ચંદરવાકર, ‘ઉત્તર ગુજરાતની લોકકથાઓ’, પૃ.૧૮
4. એજન, પૃ.૭૨
5. એજન, પૃ.૯૦
6. એજન, પૃ.૧૩૭
7. એજન, પૃ.૫